પેજ 3

## હની સિંહે મુંબઈ 'માય સ્ટોરી' ટૂરમાં સ્ટેજ પર રોલ્સ રોયલ્સમાં એન્ટ્રી કરી

મુંબઈ, તા. 1 (PTI) દિલ્હીમાં તેમના કોન્સર્ટની ભવ્ય સફળતા બાદ રેપર યો યો હની સિંહે તેમની યાદગાર 'માય સ્ટોરી' ટૂર મુંબઈમાં લઈ આવ્યો હતો, જેમાં સંગીતના માધ્યમથી આ શહેરને તેમના જીવનના સૌથી મહત્ત્વપૂર્ણ પ્રકરણોનું મંચ બનાવી દીધું હતું. રાત્રિની સૌથી આકર્ષક ક્ષણોમાંની એક ક્ષણ ત્યારે હતી જ્યારે હની સિંહે સ્ટેજ પર રોલ્સ રોયસમાં નાટ્યાત્મક એન્ટ્રી કરી હતી, આ એક એવું દૃશ્ય હતું જેણે 28 માર્ચની સાંજની ભવ્યતા અને ઊર્જાને તરત જ વ્યાખ્યાયિત કરી હતી. સિંહે સંગીત, વિઝ્યુઅલ્સ અને તેમની હૃદયસ્પર્શી વાર્તા કહેવાની શૈલી દ્વારા તેમના જીવનની સફરને રજૂ કરી હતી, જેમાં તેમની સફળતા, ખ્યાતિ, નિષ્ફળતાઓ અને પુનરાગમનનો સમાવેશ થાય છે, જ્યારે ચાહકો તેમના 'મિલિયોનેર', 'દેશી કલાકાર', 'માફિયા મુન્ડીર' અને 'ડોપ શોપ' જેવા હિટ ગીતો પર ઝૂમી ઊઠ્યા હતા.

## 'ધુરંધર' દરેક રીતે એક કમાલની ફિલ્મ છે : પ્રિયંકા ચોપરા જોનાસ

નવી દિલ્હી, તા. ૧ (PTI) : અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ બુધવારે 'ધુરંધર: ધ રિવેન્જ'ના ભારોભાર વખાણ કરતા નિર્દેશક આદિત્ય ધરને 'એક મિશન પર નીકળેલી વ્યક્તિ' અને ફિલ્મને 'દરેક રીતે એક કમાલની ફિલ્મ' ગણાવી હતી. પ્રિયંકાએ ઇન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર ફિલ્મનું પોસ્ટર શેર કર્યું હતું અને રણવીર સિંહને પણ અભિનંદન આપ્યા હતા, જે તેની ફિલ્મ 'દિલ ધડકને દો', 'ગુંડે' અને 'બાજીરાવ મસ્તાની'માં સહ-કલાકાર રહી ચૂક્યો છે. ''અભિનંદન મેરે દોસ્ત રણવીર સિંહ.'' અભિનેત્રીએ કહ્યું હતું, જે હાલમાં ભારતમાં છે. તેણે અન્ય કલાકારો - અર્જુન રામપાલ, આર. માધવન, અક્ષય ખન્ના, સંજય દત્ત, સારા અર્જુન અને રાકેશ બેદીને પણ ટેગ કર્યા હતા. પ્રિયંકાએ લખ્યું, ''આદિત્ય, તમે મિશન પર નીકળેલા માણસ છો. 'ધુરંધર' દરેક રીતે એક કમાલની ફિલ્મ છે. તમારી કલાત્મકતા માટે આપ સૌનો આભાર.''

## મલયાલમ ફિલ્મ-નિર્દેશક રંજિત જાતીય સતામણીના કેસમાં રિમાન્ડ પર

કોચી, તા. ૧ (PTI) અહીંની એક અદાલતે બુધવારે જાણીતા મલયાલમ ફિલ્મ-નિર્દેશક રંજિતને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધો છે. જાતીય સતામણીના પ્રયાસના કેસમાં ગઈ કાલે મંગળવારે મોડી રાત્રે તેમની ધરપકડ કરવામાં આવી હતી. રિમાન્ડ પર મોકલ્યા બાદ નિર્દેશકે દાવો કર્યો હતો કે તેમની સામેના આરોપો ખોટા છે અને તેઓ તેને સાબિત કરી દેશે. જ્યારે તેમને અહીંની સબ-જેલમાં લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે તેમણે પત્રકારો સમક્ષ આ દાવો કર્યો હતો. નિર્દેશકે નિર્દોષ હોવાનો દાવો કર્યો હોવા છતાં, રાજ્યના સાંસ્કૃતિક મંત્રી સાજી ચેરિયને સંકેત આપ્યો હતો કે, સરકાર અને પોલીસ પીડિતાની સાથે છે અને ફિલ્મ એમ્પ્લોઇઝ ફેડરેશન ઓફ કેરળ (એફઈએફકેએ)એ રંજિતનું સભ્યપદ નિર્દેશકો અને લેખકોના યુનિયનમાંથી સ્થગિત કરવાની ભલામણ કરી છે. પોલીસે જણાવ્યું હતું કે, પીડિતા આ ઘટનાથી આઘાતમાં હતી અને ફરિયાદ સાથે આગળ આવતા પહેલા તેણે કાઉન્સેલિંગ અને મનોચિકિત્સા સારવાર લેવી પડી હતી.

# વિમા કૌભાંડના ભાગરૂપે એવરેસ્ટ ગાઇડ્સ દ્વારા પર્વતારોહકોના ખોરાકમાં ઝેર ભેળવાયું

**15** મિલિયન પાઉન્ડના કૌભાંડના ભાગરૂપે મોંઘા હેલિકોપ્ટર રેસ્ક્યુ શરૂ કરવા માટે ક્લાઈમ્બર્સને ગુપ્ત રીતે ઝેર અપાયું હતું

**કેટલાક** પાયલોટ્સ, ગાઇડ્સ અને તબીબોએ મળીને નવું કૌભાંડ શરૂ કરી સેવા આપ્યા વિના વિમા કંપનીઓ પાસે વસુલાત કરી

કાઠમંડુ, તા. 01 : એક નવી તપાસ અનુસાર, માઉન્ટ એવરેસ્ટ પર પ્રવાસીઓને લઈ જતા ગાઇડ્સ કથિત રીતે 15 મિલિયન પાઉન્ડના વીમા કૌભાંડના ભાગરૂપે, મોંઘા હેલિકોપ્ટર રેસ્ક્યુ શરૂ કરવા માટે પર્વતારોહકોના ખોરાકમાં ગુપ્ત રીતે ભેળસેળ કરી રહ્યા છે.

વિશ્વના સૌથી ઊંચા પર્વત પર ખરાબ હવામાન અને નબળા સંપર્ક સાધનોનો ફાયદો ઉઠાવીને કેટલાક પાઇલટ્સ, ગાઇડ્સ અને તબીબોએ મળીને એક એવો ઉદ્યોગ ઊભો કર્યો છે, જે વીમા કંપનીઓ પાસેથી એવી સેવાઓ માટે ચાર્જ વસૂલે છે જે ક્યારેય આપવામાં જ નથી આવી. ઓછામાં ઓછા એક કિસ્સામાં, પ્રવાસીઓના ખોરાકમાં બેકિંગ પાવડર ભેળવીને તેમને શારીરિક રીતે અસ્વસ્થ કરવામાં આવ્યા હતા. 'કાઠમંડુ પોસ્ટ'ના જણાવ્યા અનુસાર, આ નકલી રેસ્ક્યુ રેકેટ પર્વતારોહક પાસે મેડિકલ ઈમરજન્સીનું નાટક કરાવીને ચલાવવામાં આવે છે. ત્યારબાદ હેલિકોપ્ટર બોલાવવામાં આવે છે અને તેને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવે છે. અંતે વીમાનો દાવો ફાઇલ કરવામાં આવે છે, જે હકીકતમાં જે બન્યું હોય તેના કરતા સાવ અલગ જ હોય છે. નેપાળ પોલીસના સેન્ટ્રલ ઇન્વેસ્ટિગેશન બ્યુરોએ આ કૌભાંડની બે રીતો ઓળખી કાઢી છે. જેમાં એકમાં એવા પ્રવાસીઓનો સમાવેશ થાય છે જેઓ આખો રસ્તો ચાલીને પાછા નીચે આવવા માંગતા નથી. ટ્રેકિંગમાં પગપાળા પાછા ફરતા બે અઠવાડિયા જેટલો સમય લાગી શકે છે, તેથી ગાઇડો પર્વતારોહકોને મેડિકલ ઈમરજન્સીનું નાટક કરવાનું કહે છે જેથી હેલિકોપ્ટર આવી શકે. બીજી રીતની પદ્ધતિ વધુ ચિંતાજનક છે, જેમાં પર્વતારોહકોને છેતરીને એવું માનવા માટે મજબૂર કરવામાં આવે છે કે તેઓને મેડિકલ ઈમરજન્સી છે.

# ચીનના વુહાનમાં રોબોટેક્સીમાં ખામી સર્જાતાં મુસાફરો ટ્રાફિકમાં ફસાયા

**ચીનમાં** એકસાથે 100થી વધુ રોબોટેક્સીઓ થંભી ગયાનો પ્રથમ કિસ્સો

બેઇજિંગ, 1 એપ્રિલ (AP): પોલીસ અને મીડિયા અહેવાલો અનુસાર, બુધવારે ચીનના એક મુખ્ય શહેરમાં ડ્રાઇવર વિનાનાં વાહનો બંધ થઈ જતાં કેટલાક રોબોટેક્સી મુસાફરો ઝડપથી ચાલતા ટ્રાફિકની વચ્ચે ફસાઈ ગયા હતા.

વુહાન શહેરની પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસ સૂચવે છે કે સિસ્ટમની ખામીને કારણે 100થી વધુ રોબોટેક્સીઓ થંભી ગઈ હતી. જોકે, તેમણે આ બાબતે વધુ વિગતો આપી ન હતી. કોઈ જાનહાનિના સમાચાર નથી.

એક મુસાફરે ચીની મીડિયાને જણાવ્યું હતું કે, તેમની રોબોટેક્સી વળાંક લીધા પછી અટકી ગઈ હતી. સ્ક્રીન પર એક સૂચના આવી: "ડ્રાઇવિંગ સિસ્ટમમાં ખામી. સ્ટાફ 5 મિનિટમાં પહોંચે તેવી અપેક્ષા છે." જ્યાં કોઈ ન આવ્યું ત્યારે મુસાફરે એસઓએસ બટન દબાવ્યું અને તેમને કહેવામાં આવ્યું કે, સ્ટાફ રસ્તામાં છે. કારનો દરવાજો ખુલી શકે તેમ હોવાથી મુસાફર જાતે જ બહાર નીકળી ગયા હતા.

ચીનમાં રોબોટેક્સીના સામૂહિક રીતે બંધ થવાનો આ પ્રથમ કિસ્સો નોંધાયો છે. ડિસેમ્બરમાં સેન ફ્રાન્સિસ્કોમાં પાવર આઉટેજને કારણે વેમોની ઘણી સેલ્ફ-ડ્રાઇવિંગ કાર થંભી ગઈ હતી.

વુહાનમાં આ ટેક્સીઓનું સંચાલન બાયડુ દ્વારા કરવામાં આવે છે, જે ચીની ઈન્ટરનેટ અને એઆઈ ક્ષેત્રની એક મોટી કંપની છે. બાયડુ તેના 'એપોલો ગો' રોબોટેક્સી બિઝનેસને યુરોપ અને મધ્ય પૂર્વના દેશોમાં વિસ્તારી રહી છે.

બાયડુએ આ અંગે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નથી.

પોલીસે જણાવ્યું હતું કે, ટેક્સીઓ થંભી જવાના અહેવાલો રાત્રે 9 વાગ્યાની આસપાસ મળવા લાગ્યા હતા, જ્યારે મીડિયા અહેવાલોમાં જણાવાયું છે કે, અનેક લોકોને સુરક્ષિત રીતે વાહનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

# પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ચીન ત્રિપક્ષીય મિકેનિઝમ હેઠળ ઉરુમકીમાં મળશે

**આ** બેઠક મધ્યસ્થી માટે નહીં પણ તાજેતરના તણાવ પર પોતપોતાના દૃષ્ટિકોણ શેર કરવા પર કેન્દ્રિત

ઈસ્લામાબાદ, તા. 1 (PTI): મીડિયા રિપોર્ટ અનુસાર, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ચીનના અધિકારીઓ બુધવારે ચીનના શહેર ઉરુમકીમાં ત્રિપક્ષીય મિકેનિઝમ હેઠળ મળી રહ્યા છે. પાકિસ્તાને 26 ફેબ્રુઆરીએ અફઘાનિસ્તાનમાં કથિત આતંકવાદી ઠેકાણાંઓ વિરુદ્ધ 'ઓપરેશન ગઝબ લિલ-હક' શરૂ કર્યું ત્યારથી આ બંને લડાયક પડોશીઓ વચ્ચેની પ્રથમ ઉચ્ચ સ્તરીય વાતચીત છે.

વાટાઘાટોની સંવેદનશીલ પ્રકૃતિને કારણે નામ ન આપવાની શરતે વિદેશ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીને ટાંકીને 'ડોન'એ અહેવાલ આપ્યો છે કે, આ બેઠક કોઈ મધ્યસ્થતાનો પ્રયાસ નથી. અહેવાલમાં જણાવાયું છે કે, આ બેઠક તાજેતરના તણાવ પર પોતપોતાના દૃષ્ટિકોણ શેર કરવા પર કેન્દ્રિત છે. કોઈ મોટા પરિણામોની અપેક્ષા નથી, જોકે ચીન વેપાર માર્ગો ફરીથી ખોલવા જેવા વિશ્વાસ-નિર્માણના પગલાં માટે દબાણ કરી રહ્યું છે.

આ ઘટનાક્રમથી પરિચિત અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે, બેઇજિંગે ડેપ્યુટી પ્રાઇમ મિનિસ્ટર ઇશાક ડાર, જેઓ મંગળવારે ચીનની રાજધાનીમાં હતા, તેમને પાકિસ્તાનની સહભાગિતા માટે વિનંતી કરી હતી. કારણ કે, કાબુલે ઈસ્લામાબાદને ટેબલ પર લાવવા માટે ચીન પાસે મદદ માંગી હતી.

અધિકારીએ ઉમેર્યું હતું કે, ચીન ઈસ્ટ તુર્કિસ્તાન ઈસ્લામિક મૂવમેન્ટ (ઈટીઆઈએમ) અંગે પણ ચિંતિત છે - જે અફઘાનિસ્તાનમાં સક્રિય હોવાનું મનાતું એક આંતરરાષ્ટ્રીય આતંકવાદી સંગઠન છે.

અધિકારીએ વધુમાં ઉમેર્યું, "અફઘાન પક્ષ આ વખતે વાતોને અમલમાં મૂકવાની ઇચ્છા બતાવી રહ્યો છે અને ટીટીપી તથા ઈટીઆઈએમ અંગે પાકિસ્તાન અને ચીનની કેટલીક મુખ્ય માંગણીઓ પર ચકાસી શકાય તેવી પદ્ધતિ વિશે ચર્ચા કરવા માટે સંમત થયો છે."

# પશ્ચિમ એશિયા સંકટ : રિયલ એસ્ટેટમાં બાંધકામ ખર્ચ પાંચ ટકા વધી શકે

**માલસામાન** અને સંસાધનોની અછતને કારણે બાંધકામના સમયપત્રકને પણ અસર થવાની શક્યતા

કોલકાતા, તા. 1 (PTI): પશ્ચિમ એશિયામાં વકરતો જતો સંઘર્ષ હવે ભારતના રિયલ એસ્ટેટ ક્ષેત્ર પર ખર્ચનું દબાણ લાવવાનું શરૂ કરી રહ્યો છે. કાચા માલની કિંમતો વધી રહી છે અને ઉદ્યોગના અગ્રણીઓએ ચેતવણી આપી છે કે, જો એપ્રિલ દરમિયાન પણ યુદ્ધ ચાલુ રહેશે તો બાંધકામ ખર્ચમાં 5 ટકાનો સંભવિત ઉછાળો આવી શકે છે.

જો આ યુદ્ધ લાંબો સમય ચાલશે તો માલસામાન અને સંસાધનોની અછતને કારણે બાંધકામના સમયપત્રકને પણ અસર થવાની શક્યતા છે. અંબુજા નેઓટિયા ગ્રુપના ચેરમેન હર્ષવર્ધન નેઓટિયાએ જણાવ્યું હતું કે, આ કટોકટી રિયલ એસ્ટેટ માટે 'ક્લાસિક કોસ્ટ-પુશ સાઇકલ' (ખર્ચ વધારાનું ચક્ર) ને વેગ આપી રહી છે. ફેબ્રુઆરીમાં ક્રૂડ ઓઇલ 70 ડોલરથી નીચેના સ્તરે હતું જે માર્ચમાં વધીને પ્રતિ બેરલ 110-120 ડોલરથી ઉપર પહોંચી ગયું છે અને કુદરતી ગેસના ભાવમાં પણ તીવ્ર વધારો જોવા મળી રહ્યો છે.

નેઓટિયાએ કહ્યું હતું કે, "સ્ટીલ, લોજિસ્ટિક્સ અને પેટ્રોકેમિકલ-લિંક્ડ મટિરિયલ્સ પર પ્રારંભિક દબાણ પહેલેથી જ દેખાઈ રહ્યું છે. જો આ સ્થિતિ યથાવત રહેશે તો આગામી 1થી 2 ક્વાર્ટર્સમાં બાંધકામ ખર્ચમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે.

## અમેરિકા અને નાટો વચ્ચે તિરાડ વિસ્તરી : ટ્રમ્પ સંગઠન છોડવા ગંભીર

**યુરોપના** દેશોનું કહેવું છે આ યુદ્ધ ટ્રમ્પે તેમની સાથે સલાહ વગર શરૂ કર્યું

**અમેરિકા** નાટોમાંથી બહાર નીકળશે તો આ શક્તિશાળી સૈન્ય સંગઠનનો અંત આવવાની શક્યતા

લંડન, તા. 1 (એપી): અમેરિકા અને તેના પરંપરાગત નાટો સહયોગી દેશો વચ્ચેના સંબંધોમાં અત્યાર સુધીની સૌથી મોટી તિરાડ જોવા મળી રહી છે. ઈરાન સામેના યુદ્ધમાં યુરોપિયન દેશોનો સાથ ન મળતા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારે નારાજ છે અને તેમણે અમેરિકાને નાટોમાંથી બહાર કાઢવાની ગંભીર વિચારણા શરૂ કરી છે.

બ્રિટિશ અખબારને આપેલા ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે આ બાબત હવે માત્ર વિચારણા પૂરતી સીમિત નથી, પરંતુ તેનાથી પણ આગળ વધી ગઈ છે.

આ તણાવનું મુખ્ય કારણ ઈરાન સામેનું યુદ્ધ અને વ્યૂહાત્મક રીતે મહત્વની ગણાતી 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ની સુરક્ષા છે. ઈરાને આ દરિયાઈ માર્ગ બંધ કરી દેતા વૈશ્વિક તેલના ભાવ આસમાને પહોંચ્યા છે. ટ્રમ્પ ઈચ્છે છે કે નાટો દેશો આ યુદ્ધમાં અમેરિકા અને ઈઝરાયેલનો સાથ આપે, પરંતુ બ્રિટેન અને ફ્રાન્સ જેવા દેશોએ આ યુદ્ધમાં સીધા જોડાવાનો ઇનકાર કર્યો છે. સ્પેને તો અમેરિકી વિમાનો માટે પોતાનું એરસ્પેસ પણ બંધ કરી દીધું છે. ટ્રમ્પે ઈરાન સામેના યુદ્ધનો નિર્ણય લેતા પહેલા નાટોના સહયોગી દેશો સાથે કોઈ ચર્ચા કરી ન હતી. યુરોપિયન દેશો માને છે કે આ ટ્રમ્પનું 'પસંદગીનું યુદ્ધ' છે, જેની કિંમત તેઓ શા માટે ચૂકવે?

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર બ્રિટેન અને ફ્રાન્સ જેવા મિત્ર દેશોને 'ડરપોક' કહીને સંબોધ્યા છે અને સલાહ આપી છે કે, 'તમારા તેલ માટે જાતે લડતા શીખો.' ટ્રમ્પ વહીવટીતંત્રનું માનવું છે કે અમેરિકા દાયકાઓથી યુરોપની સુરક્ષાનો બોજ ઉઠાવતું આવ્યું છે, પરંતુ જ્યારે અમેરિકાને જરૂર છે ત્યારે આ દેશો પાછળ હટી રહ્યા છે.

બીજી તરફ, બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે નાટો પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા દોહરાવી છે, પરંતુ સ્પષ્ટ કર્યું છે કે તેઓ પોતાના દેશના હિત મુજબ જ નિર્ણય લેશે.

જો અમેરિકા ખરેખર નાટોમાંથી બહાર નીકળી જાય, તો દાયકાઓ જૂના આ શક્તિશાળી સૈન્ય સંગઠનનો અંત આવી શકે છે, જેની અસર સમગ્ર વિશ્વની સુરક્ષા પર પડશે.

જન્મજાત નાગરિકત્વના વિવાદ

# ટ્રમ્પ સુપ્રીમ કોર્ટની સુનાવણીમાં હાજર રહેશે

**આ** સાથે જ ટ્રમ્પ અમેરિકાના ઈતિહાસમાં સર્વોચ્ચ અદાલતની દલીલોમાં ભાગ લેનારા પ્રથમ સત્તાધારી પ્રમુખ બનશે

વોશિંગ્ટન, તા. 1 (એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે સુપ્રીમ કોર્ટમાં 'બર્થરાઇટ સિટિઝનશિપ' (જન્મજાત નાગરિકત્વ) મુદ્દે થનારી સુનાવણીમાં રૂબરૂ હાજર રહેવાના છે. આ સાથે તેઓ અમેરિકાના ઈતિહાસમાં સર્વોચ્ચ અદાલતની દલીલોમાં ભાગ લેનારા પ્રથમ સત્તાધારી પ્રમુખ બનશે.

વ્હાઇટ હાઉસ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર શિડ્યુલ મુજબ, ટ્રમ્પ તેમના એક્ઝિક્યુટિવ ઓર્ડર પરની અપીલની સુનાવણી માટે કોર્ટ પહોંચશે.

ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળના પ્રથમ દિવસે જ એક આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં જણાવાયું હતું કે ગેરકાયદેસર અથવા અસ્થાયી રૂપે અમેરિકામાં રહેતા માતા-પિતાના સંતાનોને અમેરિકી નાગરિકત્વ મળી શકે નહીં. આ આદેશ બંધારણના 14મા સુધારા અને 1940થી ચાલી આવતા ફેડરલ કાયદાની વિરુદ્ધ છે, જે અમેરિકાની ધરતી પર જન્મેલા દરેકને નાગરિકત્વ આપે છે. નીચલી અદાલતે ટ્રમ્પના આ આદેશ પર રોક લગાવી દીધી હતી, જેની સામે હવે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે.

ટ્રમ્પે ઓવલ ઓફિસમાં પત્રકારોને જણાવ્યું હતું કે તેઓ ચોક્કસપણે કોર્ટમાં જશે. તેમણે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો વિશે ટિપ્પણી કરતા કહ્યું કે, 'મને તેમાંથી કેટલાક ગમે છે, તો કેટલાક નથી ગમતા.' ટ્રમ્પે તેમના પ્રથમ કાર્યકાળમાં નીલ ગોર્સચ, બ્રેટ કેવનો અને એમી કોની બેરેટ એમ ત્રણ ન્યાયાધીશોની નિમણૂક કરી હતી. આ કેસમાં સુપ્રીમ કોર્ટનો અંતિમ ચુકાદો ઉનાળાની શરૂઆત સુધીમાં આવવાની શક્યતા છે.

# અમેરિકાના ટ્રેડ રિપોર્ટમાં ભારત પર ઊંચા આયાત ટેક્સનો આરોપ

**અહેવાલ** મુજબ, ભારતની ટેક્સ નીતિઓ અમેરિકી ખેડૂતો, કામદારો અને નિકાસકારો માટે અનિશ્ચિતતા ઊભી કરે છે

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): અમેરિકાએ ફરી એકવાર ભારત પર કૃષિ પેદાશો, ફાર્માસ્યુટિકલ્સ અને આલ્કોહોલિક પીણાં સહિતની અનેક ચીજવસ્તુઓ પર 'ઊંચો' આયાત ટેક્સ અને નોન-ટેરિફ અવરોધો હોવાનો આરોપ લગાવ્યો છે. અમેરિકી ટ્રેડ રિપ્રેઝન્ટેટિવના 31 માર્ચના રોજ જાહેર થયેલા 2026 નેશનલ ટ્રેડ એસ્ટીમેટ (એનટીઈ) રિપોર્ટ મુજબ, ભારતની ટેક્સ નીતિઓ અમેરિકી ખેડૂતો, કામદારો અને નિકાસકારો માટે અનિશ્ચિતતા ઊભી કરે છે.

આ એક વાર્ષિક અહેવાલ છે જે વિશ્વના વિવિધ દેશોની એવી મુખ્ય નીતિઓ અને પદ્ધતિઓની યાદી આપે છે જે અમેરિકાની નિકાસ, રોકાણ અને ડિજિટલ વેપારને અસર કરે છે. વર્ષ 2025માં પણ આ અહેવાલે આરોપ લગાવ્યો હતો કે ભારતમાં આયાત ટેક્સ (ઈમ્પોર્ટ ટેરિફ) ઊંચા છે.

આ અહેવાલે અમેરિકા અને ભારત વચ્ચેના કેટલાક વ્યાપારી અને નિયમનકારી પડકારો પર પ્રકાશ પાડ્યો છે, જેમાં ટેરિફ, નોન-ટેરિફ અવરોધો, બૌદ્ધિક સંપદા (ઈન્ટલેક્ચુઅલ પ્રોપર્ટી), સેવાઓ, ડિજિટલ વેપાર અને પારદર્શિતા સંબંધિત મુદ્દાઓ સામેલ છે.

વેપાર નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આ અહેવાલમાં દર્શાવવામાં આવેલા મોટાભાગના મુદ્દાઓ અગાઉના અહેવાલોનું જ પુનરાવર્તન છે, અને તેમાંથી કેટલાક મુદ્દાઓનો ઉકેલ તો પહેલેથી જ આવી ગયો છે.

**રિપોર્ટમાં જણાવાયું છે કે ભારત કેટલીક વસ્તુઓ પર ખૂબ જ ઊંચો ટેક્સ વસૂલે છે, જેમ કે:**

| | |
|---|---|
| આલ્કોહોલિક પીણાં: | 150% |
| કોફી અને અખરોટ: | 100 |
| ફુદરતી રબર: | 70 |
| ઓટોમોબાઈલ્સ અને ફૂલો: | 60% |
| મોટરસાઇકલ અને મકાઈ: | 50% |
| વનસ્પતિ તેલ: | 45% |

# તુર્કીના કિનારે અફઘાન શરણાર્થીઓની બોટ પલટી જતાં 19નાં મોત

**હાઇ-સ્પીડ** બોટ તોફાની પાણીમાં કોસ્ટગાર્ડથી બચવાના પ્રયાસમાં પલટી ગઈ

અંકારા, તા. 1 (AP) - બુધવારે એજિયન સાગરમાં અફઘાન શરણાર્થીઓને લઈ જઈ રહેલી એક હાઇ-સ્પીડ બોટ તોફાની પાણીમાં કોસ્ટગાર્ડથી બચવાના પ્રયાસમાં પલટી ગઈ હતી, જેમાં એક બાળક સહિત 19 લોકોનાં મોત થયાં છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

તુર્કીશ કોસ્ટ ગાર્ડ કમાન્ડે જણાવ્યું હતું કે, ડઝનબંધ શરણાર્થીઓને લઈ જતી બોટે ઊભા રહેવાની વારંવારની ચેતવણીઓને અવગણી હતી અને તેજ ગતિએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. બોટમાં ઊછળતા મોજાંનું પાણી ભરાવા લાગ્યું હતું અને અંતે તે પલટી ગઈ હતી. ઓછામાં ઓછા અન્ય 20 શરણાર્થીઓને બચાવી લેવામાં આવ્યા છે. આ દુર્ઘટના તુર્કીના લોકપ્રિય પ્રવાસન સ્થળ એવા બોડ્રમ શહેરના કિનારે બની હતી.

કોસ્ટ ગાર્ડે જણાવ્યું હતું કે, નજીકના ઇઝમિર શહેરથી મોકલવામાં આવેલા હેલિકોપ્ટરની મદદથી બચાવ ટુકડીઓએ શરૂઆતમાં 21 બચી ગયેલા લોકોને પાણીમાંથી બહાર કાઢ્યા હતા અને 18 મૃતદેહો મળી આવ્યા હતા. બાદમાં એક શરણાર્થીનું હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. કોસ્ટ ગાર્ડે ઉમેર્યું હતું કે, હજી પણ ઓછામાં ઓછી એક વ્યક્તિ લાપતા છે જેની શોધખોળ ચાલુ છે. બોડ્રમ જે પ્રાંતમાં આવેલું છે તે મુગ્લાના ગવર્નર ઇદ્રિસ અકબિયિકે જણાવ્યું હતું કે, તમામ શરણાર્થીઓ અફઘાનિસ્તાનના હતા અને પીડિતોમાં એક બાળકનો પણ સમાવેશ થાય છે.

# વ્હાઇટ હાઉસમાં 400 મિલિયન ડોલરના બોલરૂમ પ્રોજેક્ટ પર અદાલતની રોક

**કોંગ્રેસની** મંજૂરી વિના બાંધકામ કરવા બદલ ટ્રમ્પ વહીવટીતંત્રને મોટો ઝટકો

**આ** બોલરૂમ માટે જગ્યા બનાવવા વ્હાઇટ હાઉસના ઐતિહાસિક 'ઈસ્ટ વિંગ'ને તોડી પાડવામાં આવ્યું હતું

વોશિંગ્ટન, તા. 1 (એપી): વોશિંગ્ટનના ફેડરલ જજ રિચાર્ડ લિયોને મંગળવારે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વ્હાઇટ હાઉસમાં 400 મિલિયન ડોલરના (આશરે રૂપિયા 3350 કરોડ)ના ખર્ચે બની રહેલા વિશાળ બોલરૂમના બાંધકામ પર રોક લગાવી દીધી છે.

જજે સ્પષ્ટ કર્યું છે કે કોંગ્રેસની મંજૂરી વિના આ પ્રોજેક્ટ આગળ વધી શકે નહીં. ટ્રમ્પ વહીવટીતંત્રએ આ બોલરૂમ માટે જગ્યા બનાવવા વ્હાઇટ હાઉસના ઐતિહાસિક 'ઈસ્ટ વિંગ'ને તોડી પાડ્યું હતું, જેનો હેરિટેજ સંસ્થાઓએ વિરોધ કર્યો હતો.

રિપબ્લિકન પ્રમુખ જ્યોર્જ ડબ્લ્યુ બુશ દ્વારા નિયુક્ત જજ લિયોને તેમના આદેશમાં કડક શબ્દોમાં લખ્યું કે, 'યુનાઇટેડ સ્ટેટ્સના પ્રમુખ ભવિષ્યની પેઢીઓ માટે વ્હાઇટ હાઉસના રક્ષક છે, માલિક નહીં!'